દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬

# ભારતે અમેરિકાને ચૂકવેલો વધારાનો ટેરિફ પરત મેળવવા CITમાં દાવો કરવો જોઇએ

ટેરિફનું નામ આવે એટલે તરત જ ટ્રમ્પનો ચહેરો સામે આવી જાય છે. કારણ કે, ટેરિફના નામે ટ્રમ્પે આખી દુનિયાને બાનમાં લીધી હતી. હવે અમેરિકાની સુપ્રિમકોર્ટે ટેરિફને ગેરકાયદે ગણાવ્યો છે. જેથી પ્રેસિડેન્ટ અકળાઇ ગયા છે. અમેરિકન અખબાર ધ ન્યૂ યોર્ક ટાઇમ્સના એક અહેવાલ મુજબ, ગયા વર્ષની શરૂઆતથી ટ્રમ્પ વહીવટીતંત્રે ટેરિફ દ્વારા કંપનીઓ પાસેથી 200 અરબ ડોલર એટલે કે આશરે 17 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ વસૂલી કરી છે. અહેવાલો અનુસાર, જો ટેરિફ રદ કરવામાં આવે છે તો કંપનીઓ આ રકમની અડધાથી વધુ રકમ રિફંડ તરીકે દાવો કરી શકે છે. ઘણી કંપનીઓએ આ માટે દાવો દાખલ કર્યો છે. જોકે સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં રિફંડ વિશે કંઇ કહ્યું નથી. રિફંડના કેસ યુએસ કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ (CIT)માં સાંભળવામાં આવે છે. કંપનીઓ ફક્ત CIT દ્વારા જ તેમના પૈસા પાછા મેળવી શકે છે. જોકે દાવો દાખલ કર્યા પછી કંપનીઓને લાંબી કોર્ટ પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે. જો કોઇ વિદેશી કંપની પણ અમેરિકન આયાતકાર હોય તો તેણે પણ દાવો દાખલ કરવો પડશે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ટ્રમ્પે એક પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે રિફંડ અંગે કોઇ સ્પષ્ટ નિવેદન આપવામાં આવ્યું નથી. તેથી સરકાર કોઇપણ કંપનીઓને વસૂલવામાં આવેલા ટેરિફ પરત કરશે નહીં. ટ્રમ્પે કહ્યું, “મને લાગે છે કે આ કેસ હવે આગામી બે વર્ષ સુધી કોર્ટમાં ચાલશે. અમે આગામી પાંચ વર્ષ સુધી કોર્ટમાં જ રહીશું. યેલ યુનિવર્સિટીની બજેટ લેબ કહે છે કે સુપ્રીમ કોર્ટે રિફંડનો ઇનકાર કર્યો નથી. આનો અર્થ એ છે કે IEEPA હેઠળ ભારે ટેરિફ ચૂકવનાર કંપનીઓને એ પાછો મળી શકે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બ્રેટ કવાનાહ જેમણે આ નિર્ણયનો વિરોધ કર્યો હતો તેમણે કહ્યું, કોર્ટે તો ત્યાં સુધી કહી દીધું કે ટેક્સ ખોટો હતો, પરંતુ સરકાર ક્યારે અને કેવી રીતે અબજો ડોલર પરત કરશે એ સ્પષ્ટ કર્યું નથી. એકાઉન્ટન્સી ફર્મ PwC અનુસાર ભારતીય નિકાસકારોએ ઓક્ટોબર 2025 સુધીમાં યુએસને 487 મિલિયન ડોલર એટલે કે આશરે 4,000 કરોડ રૂપિયાનો ટેક્સ અમેરિકાને ચૂકવી દીધો છે. તેમનું કહેવું છે કે જો રિફંડ મંજૂર કરવામાં આવે તોપણ કંપનીઓને એ પાછા મેળવવા માટે જટિલ કસ્ટમ નિયમો અને કાગળકામ કરવું પડશે, જે સમય માગી લેશે. એમાં ખર્ચ પણ ઘણો થશે. PwCના અહેવાલ મુજબ 2025માં અમેરિકાએ ટેરિફ અને અન્ય એક્સાઇઝ ટેક્સમાંથી આશરે 289 બિલિયન ડોલરની આવક કરી છે. એક વર્ષ પહેલાં 2024માં આ માત્ર 98.3 બિલિયન ડોલર હતી. દરમિયાન ઓક્ટોબર 2025 સુધીમાં અમેરિકાએ ટેરિફમાંથી 108 બિલિયન ડોલરની કમાણી કરી છે. આમાંથી સૌથી વધુ રકમ ચીને 34 બિલિયન ડોલરનો ટેરિફ ચૂકવ્યો છે.ટ્રમ્પે યુએસ સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી માત્ર ત્રણ કલાકમાં જ 10% વૈશ્વિક ટેરિફ લાદવાનો નિર્ણય લીધો. કલમ 122 એ અમેરિકાના કાયદાનો ભાગ છે, જેને ટ્રેડ એક્ટ ઓફ 1974 કહેવાય છે. આ કાયદો યુએસ રાષ્ટ્રપતિને જો દેશ અચાનક વેપાર ખાધ અથવા આર્થિક કટોકટીનો સામનો કરે તો તાત્કાલિક આયાત પર ટેરિફ લાદવાનો અધિકાર આપે છે.

આ હેઠળ રાષ્ટ્રપતિ લાંબી તપાસ પ્રક્રિયા વિના કામચલાઉ ટેરિફ લાદી શકે છે. સામાન્ય રીતે આ ટેરિફ 150 દિવસ સુધી ચાલુ રહી શકે છે, જે દરમિયાન સરકાર પરિસ્થિતિની સમીક્ષા કરે છે અને વધુ નિર્ણયો લે છે. NBC ન્યૂઝ અનુસાર બધા વેપાર ભાગીદારો પર એકસમાન 10% વૈશ્વિક ટેરિફ લાદવાથી ઊંચો ટેરિફ ધરાવતા દેશો પર લાદવામાં આવેલા ટેરિફ આપમેળે ઘટશે. આ ટેરિફ 24 ફેબ્રુઆરીની મધ્યરાત્રિથી અમલમાં આવશે. વ્હાઇટ હાઉસના ડોક્યુમેન્ટ અનુસાર, આ યુએસ ડોલરના પ્રવાહને અટકાવશે અને સ્થાનિક ઉત્પાદનને વેગ આપશે. કેટલાંક ઉત્પાદનોને મુક્તિ આપવામાં આવી છે, જેમ કે ચોક્કસ કૃષિ ઉત્પાદનો (ટામેટાં, સંતરાં), મહત્ત્વપૂર્ણ ખનિજો, ફાર્માસ્યુટિકલ્સ, કેટલાક ઇલેક્ટ્રોનિક્સ અને પેસેન્જર વાહનો. ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ ટેરિફ હાલના ટેરિફને બદલશે અને વધુ પૈસા કમાવવાના તેમના પ્રયાસો ચાલુ રાખશે. ન્યૂયોર્ક ટાઇમ્સના અહેવાલ મુજબ, કલમ 122નો ઉપયોગ પહેલાં ક્યારેય થયો નથી. તેથી જો કોર્ટમાં પડકારવામાં આવે તો કોર્ટ તેનું અર્થઘટન કેવી રીતે કરશે એ સ્પષ્ટ નથી. અમેરિકાની સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ભારત પર લાદવામાં આવેલ 18% રેસિપ્રોકલ ટેરિફ એનો કાનૂની આધાર ખોઈ બેસે છે, તેથી ભારત માટે ભાવતાલ કરવાના દરવાજા ખૂલી ગયા છે.

મીડિયા અહેવાલો અનુસાર ટ્રમ્પ વહીવટીતંત્ર ભારત પર 18% ટેરિફ ફરીથી લાદવા માટે નવા કાનૂની માર્ગો શોધી રહ્યું છે. ટ્રમ્પનો દાવો છે કે ભારત વેપાર કરારમાં સંમત થયા મુજબ 18% ટેરિફ ચૂકવશે. આ ડીલ વાજબી છે અને ભારત હવે પહેલાં જેવો ફાયદો ઉઠાવી નહીં શકે. જો ટ્રેડ ડીલ તેના મૂળ સ્વરૂપમાં લાગુ કરવામાં આવે છે તો ભારતે 18% ટેરિફ ચૂકવવો પડશે. કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે, ‘વડાપ્રધાન સમજૂતી કરી ચૂક્યા છે. તેમનો વિશ્વાસઘાત હવે ખુલ્લો પડી ગયો છે. તેઓ ફરીથી વાટાઘાટો નહીં કરી શકે. તેઓ ફરીથી સરેન્ડર કરી દેશે.’ સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી એક પ્રેસ-કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું, ‘વડાપ્રધાન મોદી ખરેખર મહાન વ્યક્તિ છે, પરંતુ તેઓ અમેરિકાના સંદર્ભમાં પોતાના વિરોધીઓથી વધારે ચતુર છે. તો અમે ભારત સાથે એક ડીલ કરી, હવે આ એક નિષ્પક્ષ ડીલ છે. હવે અમે તેમને ટેરિફ આપતા નથી, એ લોકો ટેરિફ આપે છે. અમે ઊલટું કરી નાખ્યું. એવામાં આગામી 150 દિવસ ભારત-અમેરિકા વેપાર સંબંધો માટે નિર્ણાયક હોઈ શકે છે.’આ કાયદાઓ હેઠળ તપાસ પૂર્ણ થયા બાદ રાષ્ટ્રપતિ ટેરિફ લાદી શકે છે. કોર્ટે તેના નિર્ણયમાં એમ પણ જણાવ્યું હતું કે ટેરિફ લાદવા માટે ખાસ કરીને નોંધપાત્ર આર્થિક અથવા રાજકીય અસર ધરાવતા મુદ્દાઓ પર કોંગ્રેસ (સંસદ)ની સ્પષ્ટ મંજૂરીની જરૂર હોય છે. ટ્રમ્પ યુએસ કોંગ્રેસ અને સેનેટમાં પસાર થવા માટે ટેરિફ પ્રસ્તાવ રજૂ કરી શકે છે. 435 સભ્યોની કોંગ્રેસમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે 218 સભ્યો છે જ્યારે વિપક્ષ ડેમોક્રેટ્સ પાસે 213 સભ્યો છે. 100 સભ્યોની સેનેટમાં 53 રિપબ્લિકન અને 47 ડેમોક્રેટ્સ છે, જોકે યુએસમાં ટેરિફ વિરુદ્ધની ભાવનાને જોતાં તેઓ એને પસાર કરવાનું ટાળી શકે છે.

અમેરિકા પાસે બચેલા વિકલ્પની વાત કરીએ તો કેટલાક કાયદાઓ મારફત ખાસ સ્થિતિઓમાં રાષ્ટ્રપતિને પણ ટેરિફ લગાવવાની સત્તા છે. ટ્રેડ એક્ટ 1974ના સેક્શન 122 હેઠળ રાષ્ટ્રપતિ 150 દિવસ માટે 15% સુધીના ટેરિફ લાદી શકે છે. સેક્શન 301 હેઠળ કોઈ દેશમાંથી થઈ રહેલા અનુચિત વેપારના મામલામાં તપાસ અને યોગ્ય પ્રક્રિયા પછી ટેરિફ લાદી શકાય છે. સેક્શન 201 હેઠળ જો ઈમ્પોર્ટથી અમેરિકન ઈન્ડસ્ટ્રીને ગંભીર નુકસાન થઈ રહ્યું હોય તો ‘સેફગાર્ડ ટેરિફ’ લાદી શકાય છે. ટેરિફ એક્ટ 1930ના સેક્શન 338 હેઠળ જો કોઈ દેશ અમેરિકા સાથે ભેદભાવ કરી રહ્યો હોય તો 50% ટેરિફ લાદી શકાય છે, જોકે દાયકાઓથી આનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

## ત્રણ પ્રકારના મનુષ્ય

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જીવનમાં મોટે ભાગે ત્રણ પ્રકારના મનુષ્ય હોય છે. આ વાત સમજાવવા શિક્ષકે વર્ગમાં એક વાર્તા કહી. એક બાદશાહ હતા. તેમને પોતાના ખાસ દાસ તરીકે એક જણની પસંદગી કરવાની હતી. નોકરે હંમેશા બાદશાહની સાથે જ રહેવાનું હતું એટલે યોગ્ય માણસની પસંદગી કરવી બહુ જરૂરી હતી. બાદશાહે નોકરના સ્થાન માટે આવેલાં બધાં લોકોની સાથે વાતચીત કરી. પછી છેલ્લે ત્રણ જણને આખરી નિર્ણય માટે પસંદ કર્યા. છેલ્લા ત્રણ જણને બાદશાહે પ્રશ્ન કર્યો કે, ‘ધારો કે અમુક સંજોગોમાં મારી અને તમારી દાઢીમાં એક સાથે આગ લાગી જાય તો તમે શું કરશો?’ પહેલા વ્યક્તિએ બાદશાહને ખુશ કરવા કહ્યું, ‘હજૂર, હું મારી દાઢીની પરવા કર્યા વિના તમારી દાઢી બુઝાવીશ.’ બીજા વ્યક્તિએ જવાબ આપ્યો, ‘હજૂર, મારી દાઢીમાં આગ લાગી હોય તો હું પહેલાં તો મારી દાઢીની આગ ઓલવીશ પછી આપની દાઢીની ચિંતા કરીશ.’ત્રીજી વ્યક્તિએ ઉત્તર આપ્યો, ‘હજૂર, હું ચપળતા દાખવી એક હાથથી મારી દાઢી ને બીજા હાથથી તમારી દાઢી બુઝાવીશ.’ આ જવાબો સાંભળી બાદશાહે ત્રીજા વ્યક્તિની પોતાના નિજી નોકર તરીકે નિમણૂક કરી. બાદશાહે પોતાની પસંદગી બાબત દરબારીઓને સમજાવ્યું કે ‘પહેલો વ્યક્તિ અવ્યાવહારિક છે. દુનિયામાં એવો કોઈ વ્યક્તિ નથી જે કઠિન સમયમાં પોતાની નહીં અને બીજાની ચિંતા પહેલાં કરે એટલે તે વ્યક્તિ દંભી, ખોટો અને અજ્ઞાની છે. તે પોતાની વાતથી આપણને છેતરી શકે છે, વાતોથી મોહી લે છે પણ અંતમાં નુકસાન પહોંચાડે છે. બીજો વ્યક્તિ સ્વાર્થી છે, સ્વાર્થી મનુષ્ય કોઈનું ભલું કરતો નથી. તે માત્ર પોતાના જ વિચાર કરે છે. પોતાનો જ ફાયદો જુએ છે તેથી એ વ્યક્તિ પણ ખતરનાક હોય છે. ત્રીજો વ્યક્તિ જેને મેં નોકર તરીકે પસંદ કર્યો છે તે અવ્યાવહારિક નથી, દંભી નથી, સ્વાર્થી નથી, વાસ્તવિકતાની ધરતી પર જીવે છે અને વ્યવહારુ છે એટલે ઉકેલ શોધી શકે છે .’આ વાર્તા કહ્યા બાદ શિક્ષકે વિદ્યાર્થીઓને સમજાવ્યું કે આ વાર્તા પ્રમાણે જીવનમાં ત્રણ પ્રકારના મનુષ્ય તમને મળશે. એક અવ્યવહારુ, ખોટા, દંભી અને અજ્ઞાની, બીજા સ્વાર્થી અને ત્રીજા વ્યવહારુ, વાસ્તવિક અને સાચી વાત કરનારા ત્રણેય વ્યક્તિને ઓળખી પહેલા અને બીજા પ્રકારના મનુષ્ય જોડે બહુ વ્યવહાર, મિત્રતા કે સંબંધ રાખવા નહિ. ત્રીજા પ્રકારના મનુષ્ય બનવું અને વાસ્તવિકતાને ધરતી પર જીવવું અને વાસ્તવિકતાની સાથે જીવનારાં લોકોની સાથે જ જોડાવું.

# ભારત ૨૦૨૬માં બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળશે ત્યારે?

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

**નિષ્ણાતોના મતે ભારત પોતાના ચલણના સેટલમેન્ટ અંગે વ્યૂહાત્મક સ્વતંત્રતા જાળવી રાખવાનું વલણ બ્રિક્સના એના પ્રમુખપદ દરમિયાન અખત્યાર કરશે. બહુપરિમાણીય ટ્રેડીંગ સિસ્ટમને હાલના સમયગાળા દરમિયાન મજબૂત કરવી જરૂરી છે, જેનો પ્રયત્ન ભારત કરશે**

૨૦૨૬ના વર્ષ માટે ભારતે બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળી લીધું છે ત્યારે આખુંયે હવામાન જાણે કે બદલાઈ ચૂક્યું છે. છેલ્લે રશિયામાં મળેલી બેઠકમાં બ્રિક્સની આગવી કરન્સી માટે વાત થઈ હતી જે સામે ટ્રમ્પે ખૂબ જ કટુ શબ્દોમાં પોતાની ખફામરજી વ્યક્ત કરી હતી અને એવી ધમકી ઉચ્ચારી હતી કે જો કોઈ દેશના જુદા ચલણની વાત કરશે તો પોતે ટેરિફનો કોરડો વીંઝીને એ દેશને સીધો દોર કરી નાંખશે. ભારત ત્યાર બાદ બ્રિક્સની અલગ કરન્સીના મુદ્દે ખૂલીને બોલ્યું નથી અને ૨૦૨૬ના વર્ષમાં જ્યારે ભારત બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળવાનું છે ત્યારે હવે આ આખોય મુદ્દો અભરાઈએ ચઢેલો જ રહે તેવું સ્પષ્ટ દેખાય છે.

આગામી સમયમાં જ્યારે ભારત ૨૦૨૬ માટે બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળશે ત્યારે વૈશ્વિક દક્ષિણ દેશોનો આંતરરાષ્ટ્રીય આર્થિક સમુદાયમાં વધુ ને વધુ દબદબો પ્રસ્થાપિત થાય તે માટે પ્રયત્નો કરશે. આ એવા સમયે થવાનું છે જ્યારે ટ્રમ્પના ટેરિફવૉરે વૈશ્વિક અર્થવ્યવસ્થાને લગભગ હચમચાવી નાખી છે. વિશ્વબૅન્ક પાસેથી ઉપલબ્ધ ડેટા મુજબ આ અગિયાર સભ્યો કુલ મળીને વિશ્વની ૪૯ ટકા વસતીનું, ૨૦ ટકા જીડીપીનું અને ૨૩ ટકા આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રતિનિધિત્વ કરે છે.

નિષ્ણાતોના મતે ભારત પોતાના ચલણના સેટલમેન્ટ અંગે વ્યૂહાત્મક સ્વતંત્રતા જાળવી રાખવાનું વલણ બ્રિક્સના એના પ્રમુખપદ દરમિયાન અખત્યાર કરશે. બહુપરિમાણીય ટ્રેડીંગ સિસ્ટમને હાલના સમયગાળા દરમિયાન મજબૂત કરવી જરૂરી છે, જેનો પ્રયત્ન ભારત કરશે. આની સાથોસાથ ભારત ગ્લોબલ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યૂશન એટલે કે વૈશ્વિક વહીવટ સાથે જોડાયેલ સંસ્થાઓ જેવી કે, યુનાઈટેડ નેશન્સની સિક્યોરિટી કાઉન્સિલ, વર્લ્ડ બૅન્ક અને ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ જેવી સંસ્થાઓ મોટા પાયે વહીવટી સુધારણા હાથ ધરે તે દિશામાં ભારત પ્રયત્નશીલ રહેશે, જેનો મૂળભૂત ઉદ્દેશ અરસપરસ ચર્ચા,ગ્લોબલ સપ્લાય ચેનમાં સ્થિરતા લાવવાનો તેમજ બ્રિક્સ ભાગલા રોકવાનો છે.

આ વર્ષે જી-૨૦નું અધ્યક્ષપદ અમેરિકા પાસે છે તેવે સમયે જનકલ્યાણને કેન્દ્રસ્થાને મૂકીને આ સંદર્ભે જુદા જુદા દેશોને અસરકર્તા બાબતો પણ ચાલુ વર્ષ દરમિયાન ચર્ચા હેઠળ રહેશે. વૈશ્વિક દક્ષિણ એટલે કે ગ્લોબલ સાઉથને સ્પર્શતી ચિંતાઓ જેવી કે, ખોરાક અને ઈંધણની તંગી, દેવાનું પુનઃગઠન તેમજ ક્લાઈમેટ ચેન્જને પહોંચી વળવા જરૂરી નાણાંકીય સહાય જેવા મુદ્દા ૨૦૨૬ દરમિયાન બ્રિક્સની ચર્ચાઓમાં કેન્દ્રસ્થાને રહેશે. બ્રિક્સના અધ્યક્ષ તરીકે ચાલુ વર્ષ દરમિયાન મહાસત્તાઓની ખેંચતાણમાં ગ્લોબલ સાઉથનો અવાજ ગૂંગળાઈ ન જાય તે જોવાનું રહેશે.

ભારત સાથે કટ્ટર દુશ્મની નિભાવતું પાકિસ્તાન બ્રિક્સ દ્વારા સમર્થિત ન્યૂ ડેવલોપમેન્ટ બૅન્કમાં જોડાવા માટે આતુર છે, જેથી તેની ઉધારી માટે એક કરતાં વધુ વિકલ્પો ઉપલબ્ધ બની શકે. પાકિસ્તાને ૨૦૨૩માં બ્રિક્સના સભ્યપદ માટે અરજી કરી છે અને તે માટે રશિયા તેમજ ચીનના ટેકાની આશા રાખે છે ત્યારે નવા મેમ્બર એક ચોક્કસ આયોજનના ભાગ રૂપે જ લેવાય અને બ્રિક્સનું અત્યારનું જૂથ પોતાની અગત્ય બિનઆયોજિત વિકાસને કારણે ન ગુમાવી બેસે એ જોવાનું કામ ભારત કરશે. આમેય ભારત બ્રિક્સનું જૂથ વિકસે એનું સૈદ્ધાંતિક રીતે ટેકેદાર છે પણ આમ થવાને કારણે એની અસરકારકતા વધવી જોઈએ એ વાત પણ એટલી જ અગત્યની છે અને એટલા માટે ભારતના મત મુજબ આર્થિક કદ, વિકાસનું પ્રોફાઈલ, સંસ્થાગત ક્ષમતા અને બહુપરિમાણીય આયામ માટેની પ્રતિબદ્ધતા બ્રિક્સના વિસ્તરણના મૂળમાં હોવાં જોઈએ. સાથોસાથ આ પ્રકારના નિર્ણયો બ્રિક્સના હાલના સભ્યો દ્વારા પૂર્ણ સહમતીથી લેવાય એવું પણ ભારતનું માનવું છે.

આમ, ૨૦૨૬ના વર્ષ દરમિયાન ભારત બ્રિક્સના અધ્યક્ષપદે રહી બ્રિક્સનું નેતૃત્વ કરશે એ અગત્યની ઘટના છે પણ બ્રિક્સની કરન્સીથી માંડીને એનું વિસ્તરણ અને નવા સભ્યો બાબતે અનેક મુદ્દે ભારતીય કૂટનીતિની અગ્નિપરીક્ષા થશે એ વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ. ભારત માટે આ કામગીરી હળવાશથી લઈ શકાય તેવી નહીં જ હોય એમાં કોઈ શંકા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગુગલથી ગુરુકુળ તરફની શિક્ષણયાત્રા

વિનોદ પટેલ

વિશ્વના દરેક રાષ્ટ્રને તેનું પોતીકું ‘હાર્દરૂપ તત્ત્વ’ હોય છે. આ હાર્દરૂપ તત્ત્વ જે તે રાષ્ટ્રનું પ્રાણતત્ત્વ પણ છે. રાષ્ટ્રનો આત્મા છે. સામાન્ય રીતે રાષ્ટ્રની સંસ્કૃતિ વિરાસત અને વિકાસ આ પ્રાણતત્ત્વની આસપાસ જ આકાર લે છે. તેથી આપણે દાવા સાથે કહી શકીએ કે કોઇ પણ રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો અને વિકાસ આ પ્રાણતત્ત્વના અંશો છે.

અમેરિકાનું હાર્દરૂપ તત્ત્વ વિકાસ અને સમૃદ્ધિ છે. ઈંગ્લેન્ડનું હાર્દરૂપ તત્ત્વ રાજકીય ડહાપણ છે. જપાનનું હાર્દરૂપ તત્ત્વ ઉદ્યમશીલતા અને દેશદાઝ છે. ઇટાલીનું હાર્દરૂપ તત્ત્વ સાહિત્ય અને કલા છે. ચીનનું હાર્દરૂપ તત્ત્વ રાષ્ટ્રની સર્વોપરિતા અને અમાપ વિકાસ છે.

હવે પ્રશ્ન એ થશે કે ભારતનું હાર્દરૂપ તત્ત્વ કયું છે? એનું હાર્દરૂપ તત્ત્વ છે જેની આસપાસ આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત અને વારસો પ્રગટયો છે? જવાબ છે, અધ્યાત્મ. હા, અધ્યાત્મ ભારતનું પ્રાણતત્ત્વ છે જેની આસપાસ આપણી ભવ્ય સંસ્કૃતિ પ્રગટી છે અને વિકસી છે. એક તરફ આપણે વિશ્વગુરુ બનવા જઇ રહ્યા છીએ તેની ઘોષણા થાય છે. બીજી તરફ આ પ્રાચીન અધ્યાત્મ પરંપરા ક્રમશઃ લુપ્ત થતી જાય છે.

પ્રાચીનકાળમાં ગુરુકુળો, ઋષિ આશ્રમો, મઠો શિક્ષણનાં કેન્દ્રો હતાં જ્યાં માત્ર શ્રવણ, મનન, ચિંતન દ્વારા વિશ્વની ઉપાસના થતી હતી. ગુરુકુળોમાં અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને અનેક વિધિઓનું શિક્ષણ-પ્રશિક્ષણ અને સંવર્ધન થતું હતું. સદીઓથી આ પરંપરા ચાલુ રહી. બૌદ્ધ ધર્મના ઉદય પછી, તક્ષશિલા, નાલંદા, નાગાર્જુન વલ્લભી આદિ વિદ્યાપીઠોનો ઉદય થયો. અહીં પણ વિવિધ વિદ્યાશાખાઓનું શિક્ષણ-પ્રશિક્ષણ ચાલતું હતું.

મોગલોના આગમન પછી થયેલાં આક્રમણથી આ પરંપરા મૃતઃપ્રાય થઇ. આમ છતાં અધ્યાત્મ સંબંધી વિષયોના શિક્ષણની પરંપરા સંપૂર્ણ લુપ્ત નહિ થઇ! ભારતના ખૂણેખાંચરે, નાનાં-નાનાં કેન્દ્રોમાં નાના પાયા પર અધ્યાત્મની ખેપ ચાલુ રહી! તેમાં સંત પરંપરા અને સનાતન ધર્મે મહત્ત્વનો ફાળો આપ્યો. તેથી અધ્યાત્મનો દીપક ઝાંખો તો ઝાંખો પણ ટમટમી રહી શકયો! બ્રિટિશ શાસનમાં શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓએ એક નવું સ્વરૂપ ધારણ કર્યું. શાળાઓ, કોલેજો, વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઇ. જે સરકાર સંચાલિત અથવા સરકાર આધારિત બની. આ શિક્ષણ સંસ્થાઓમાં અનેક વિષયોનું શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું પરંતુ અધ્યાત્મ જે ભારતનું હાર્દરૂપ તત્ત્વ હતું તેની જ ઉપેક્ષા થઇ! સનાતન ધર્મ અને અધ્યાત્મની આવી ઘોર ઉપેક્ષાનું કારણ શું? તેનું કારણ હતું ધર્મસત્તા અને રાજસત્તા વચ્ચેનું યુદ્ધ. આ સંઘર્ષમાં ધર્મસત્તાનો પરાજય થયો. રાજસત્તા અને ધર્મસત્તા બંને અલગ થયાં. તેનું મૂળ કારણ અંગ્રેજોની કૂટનીતિ હતી. જેણે ભારતીય શિક્ષણને અધ્યાત્મવિહોણું બનાવ્યું.

1947માં ભારત દેશ સ્વતંત્ર થયો પરંતુ શિક્ષણ પદ્ધતિ તો તેના તે જ સ્વરૂપે ચાલુ રહી! સ્વતંત્ર ભારતે સાંપ્રદાયિક પરંપરાનો સ્વીકાર કર્યો. સરકાર બિનસાંપ્રદાયિક હોય તો ઠીક છે, પરંતુ શિક્ષણ સરકાર દ્વારા નિર્ધારિત થતું હોવાથી, શિક્ષણ અધ્યાત્મવિહીન બન્યું! અધ્યાત્મકેન્દ્ર દેશના શિક્ષણમાં જ અધ્યાત્મનું બાષ્પીભવન થયું! આથી વ્યથિત થઇને તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું હતું, : બિનસાંપ્રદાયિકતાનો અર્થ અધાર્મિકતા નથી. બિનસાંપ્રદાયિકતાની ઘેલછામાં આપણે આપણી નવી પેઢીને ધર્મ અને અધ્યાત્મથી વંચિત રાખીએ તે યથોચિત નથી. તેમના આ મહત્ત્વપૂર્ણ સૂચન પર કોઈએ ધ્યાન નહિ આપ્યું. પરિણામે આપણી નવી પેઢી અધ્યાત્મથી સાવ વંચિત રહી. પડે છે ત્યારે સઘળું પડે છે ની ઉક્તિ સાચી સાબિત થઈ!

**હવે પ્રશ્ન એ થશે કે ભારતનું હાર્દરૂપ તત્ત્વ કયું છે? એનું હાર્દરૂપ તત્ત્વ છે જેની આસપાસ આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત અને વારસો પ્રગટયો છે? જવાબ છે, અધ્યાત્મ. હા, અધ્યાત્મ ભારતનું પ્રાણતત્ત્વ છે જેની આસપાસ આપણી ભવ્ય સંસ્કૃતિ પ્રગટી છે અને વિકસી છે. એક તરફ આપણે વિશ્વગુરુ બનવા જઇ રહ્યા છીએ તેની ઘોષણા થાય છે. બીજી તરફ આ પ્રાચીન અધ્યાત્મ પરંપરા ક્રમશઃ લુપ્ત થતી જાય છે**

આપણે સૌ સ્વીકારીએ છીએ અને શીખવીએ છીએ કે શિક્ષણ સર્વાંગી જીવનવિકાસ માટે છે. રાષ્ટ્રનિર્માણ માટે છે. સમાજોત્થાન માટે છે. તો પછી અધ્યાત્મ તેમાંથી બાકાત શી રીતે રહી શકે? અધ્યાત્મ પણ જીવનનો ભાગ છે. જીવનનું હાર્દરૂપ કેન્દ્રસ્થ હોવું જોઈએ. હાલ જેમ શાળા કોલેજોમાં જાતીય શિક્ષણ આપવાનું શરૂ થયું છે. તે રીતે અધ્યાત્મ શિક્ષણ આપવાનું કયારે શરૂ થશે? આપણાં સંતાનોમાં જીવનની મૂળભૂત સમજ પ્રગટે, આંતરિક શાંતિ પ્રગટે, અહંકારભરી પ્રતિક્રિયાઓ ટાળી શકે. પોતાના ગુસ્સાને નિયંત્રિત કરી પ્રતિક્રિયાઓ ટાળી શકે, પોતાના ગુસ્સાને નિયંત્રિત કરી શકે અને આત્મ નિયંત્રણ રાખી શકે તેમ તે જીવન કથંતા બોધ જરૂરી છે. જીવન શું છે? જીવનનો હેતુ શો છે? આ હેતુ સિદ્ધ કરવા શું કરવું જોઈએ? જીવનનું અંતિમ ધ્યેય શું છે? જ્ઞાન એટલે શું? જ્ઞાનપ્રાપ્તિની પદ્ધતિ કઇ કઇ છે? આ જ્ઞાન શાંતિ આપી શકે? આ જ્ઞાન રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગી સાબિત થઇ શકે? જો આ પ્રકારના જીવન કથતા બોધ પર ભાર મૂકવામાં આવે તો અહમ્ બ્રહ્માસ્મિ હું બ્રહ્મ છે. સૂત્રો સાર્થક થઇ શકે. આ બ્રહ્મસૂત્રો દર્શાવે છે કે, દરેક વ્યક્તિની અંદર પરમાત્માનો અંશ વહન કરે છે. માનવતાની પવિત્ર બાબત તરીકે જોવામાં આવે છે અને દરેક વ્યક્તિને સાર્વત્રિક આત્માની અભિવ્યક્તિ તરીકે જોવામાં આવે છે. દરેકમાં દૈવી હાજરીનો સ્વીકાર કરે છે. ધર્મના માર્ગે ચાલીને, સહાનુભૂતિ અપનાવીને અને પોતાની અંદર શાંતિ મેળવીને,આપણે દરેક એક જણ સુમેળભર્યું વિશ્વ બનાવવામાં ભાગ ભજવી શકીએ. આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ કે ગુગલ ગુરુ આપણને સુમેળભર્યું વિશ્વ બનાવવામાં મદદરૂપ થઇ શકે ખરું? એ તો સમય જ કહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ચાલશે, ભાવશે, ગમશે.. માનસિકતા ક્યારે અપનાવવી?

અહીં એક પ્રૌઢ બહેન અને વડીલ આ વિભાગમાં સલાહ આપી ચૂક્યા છે, જેમાં વૃદ્ધોએ ઘરમાં પત્ની કે પુત્ર યા પુત્રવધૂ જે કહે તે મુજબ બધું અપનાવી લેવું,ચલાવી લેવુ તો ઘરમાં પણ શાંતિ જળવાઈ રહેશે. આમ શા માટે? આ વાત સાથે હું બિલકુલ સંમત નથી. હું નિવૃત્ત થયો ત્યારે મારે પણ આમાંથી પસાર થવાનું આવ્યું. મેં પહેરેલા શર્ટનો કોલર સહેજ ફાટેલો હતો એટલે બાજુએ મૂકી બીજું પહેર્યું, તો પત્ની કહે, જરા કોલરથી ફાટયું છે એમાં શું?જમતી વખતે દાળમાં વઘાર બરાબર ન લાગ્યો ને પુત્રવધૂને ટકોર કરી ,એટલે ભવાં ચઢાવી કહે, હવે તમે નિવૃત્ત થયા. આવી નાની બાબતમાં શું મગજમારી કરો છો? બહાર જતા પુત્રને યાદ અપાવ્યું કે બુટ પોલીશની ડબ્બી લેતો આવજે, તો કહે, તમારે આ ઉંમરે બુટ ચમકાવીને કયાં જવું છે? ઘરનાં તમામને પછી નજીક બોલાવી મેં કહી દીધું કે કાન ખોલીને સાંભળી લો કે જ્યાં સુધી હાથપગ અને શરીર સાથ આપશે ત્યાં સુધી હું કોઈ પણ બાબતમાં ચલાવી લેવોનો નથી. તમારે મારી વાત ના માનવી હોય તો ના કહી દો. વૃદ્ધાવસ્થા એ શાપ નથી. જોબ વખતે ટ્રેનમાં વર્ષો સુધી અપડાઉન, બે ખાનાનું ટીફીન ખાવાનું અને અન્ય જવાબદારીઓને કારણે ઘણું મરજી મુજબ ના થઈ શક્યું. હવે જે થોડાં વર્ષો છે તેમાં હું મારા શોખ મુજબ જ જીવીશ. વધુ ઉંમરને કારણે શારીરિક ક્ષમતા નહિ રહે ત્યારે તમે ચાલશે, ફાવશે, ગમશેની વાત લઈને મારી પાસે આવજો, શું સમજ્યા?

સુરત - પ્રભાકર ધોળકિયા

## દેશની આર્થિક સ્થિતિ અને પડકારો

દેશની આર્થિક સ્થિતિ કોઈપણ દેશના સર્વાંગી વિકાસનું પ્રતિબિંબ હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર દેશની આર્થિક વૃદ્ધિના મુખ્ય આધારસ્તંભો છે. માહિતી પ્રૌદ્યોગિકી (IT), સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ અર્થતંત્રમાં થયેલી વૃદ્ધિએ ભારતને વૈશ્વિક સ્તરે મજબૂત સ્થાન અપાવ્યું છે. ખાસ કરીને રિઝર્વ બેન્કની નાણાકીય નીતિઓ અને સરકારના આર્થિક સુધારાઓથી મોંઘવારી પર નિયંત્રણ રાખવાનો પ્રયાસ થયો છે. પરંતુ બીજી બાજુ, દેશ સામે અનેક પડકારો પણ છે. ભ્રષ્ટાચાર, બેરોજગારી, મોંઘવારી, ગરીબી અને આવકની અસમાનતા હજુ પણ ચિંતાજનક મુદ્દાઓ છે. ગ્રામિણ વિસ્તારોમાં વિકાસની ગતિ શહેરોની સરખામણીએ ધીમી છે. નાના અને મધ્યમ ઉદ્યોગોને નાણાકીય સહાય અને બજારની અછતનો સામનો કરવો પડે છે. વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ, તેલના ભાવમાં વધારો અને આંતરરાષ્ટ્રીય રાજકીય તણાવ પણ દેશની આર્થિક સ્થિતિ પર અસર કરે છે.સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જેમ કે મૅક ઈન ઇન્ડિયા અને સ્ટાર્ટઅપ ઇન્ડિયા, જેના દ્વારા રોજગાર સર્જન અને સ્થાનિક ઉત્પાદન વધારવાનો પ્રયાસ થયો છે. ડિજિટલ પેમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને વિદેશી રોકાણમાં વૃદ્ધિ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે. ટૂંકમાં કહી શકાય કે દેશની આર્થિક સ્થિતિ વિકાસશીલ અને સંભાવનાઓથી ભરપૂર છે, પરંતુ સાથે સાથે પડકારજનક પણ છે. યોગ્ય નીતિઓ, પારદર્શિતા અને સમાન વિકાસ દ્વારા દેશ વધુ મજબૂત આર્થિક શક્તિ બની શકે છે.

સુરત - સુનીલ શાહ

## આપણી કમાણી અને ચલણી નોટો

નાના હતા ત્યારે “રાષ્ટ્રીય સંપત્તિ” કોને કહેવાય તે ભણવા માં આવેલુ, જેનો સારાંશ કંઈક એવો હતો કે કોઈ પણ વસ્તુ ભલે નાની હોય પરંતુ જો એ વિશાળ પ્રમાણ માં ભેગી થતા રાષ્ટ્ર પર એનો સારો કે ખરાબ પડતો હોય તો તે “રાષ્ટ્રીય સંપત્તિ” કહેવાય. આવુ જ કંઈક પડોશ માં દસ-એક વર્ષ થી રહેતી સંસ્કારી અને જોશ થી તરવરતી દિકરી (સંબંધ તો પુત્રવધૂ પણ) તે શાકભાજી લઈ ને આવી ત્યારે તેના હાથમાં જે પ્રકારે પૈસા (કરન્સી) હતા તે જોઈ સલાહ અપાઇ ગઇ, ગમ્મત માં કહ્યુ “દિકરા, આ નોટ તારી નથી, એને જરા સાચવીને રાખ. એનો જે જવાબ હતો એ કદાચ આપણુ સૌ નુ મંતવ્ય હોય શકે, કે આતો મારી મહેનતની કમાણી ના છે, એટલે તો સંપૂર્ણ સ્વરૂપે મારી સંપત્તિ છે. આ સાંભળી નોટબંધી દરમ્યાન સરકાર ના, કરન્સી પાછળ થતા “ઓવર હેડ એક્ષપેન્સીસ” ધ્યાન માં આવી ગયા. “ચર્ચા” કરતા પહેલા ‘હોમવર્ક’ કર્યુ. ઈન્ટર નેટ પરથી મળેલ માહિતી કંઈક આ પ્રમાણે છે. માત્ર છપામણી પાછળ જ સરકારના ચાર હજાર કરોડ થી વધુ ખર્ચાય જાય છે. આ સિવાય સારા મા ના કાગળ - શાહી, સિક્ક, કે પછી વોટર માર્ક જેવા સુરક્ષાના પગલા પાછળ પણ કરોડો જાય છે. નેટ પર વાંચ્યા પ્રમાણે નાણાકિય વર્ષ 2021 -22 માં રિઝર્વ બેન્ક નો ચલણી નોટ ના આવા વિવિધ ખર્ચ નો આંકડો છ હજાર ત્રણસો કરોડ નો થયો હતો. જ્યારે યુપીઆઇ પાછળ માત્ર એક સો કરોડ. આશા છે, પેલી કહેવત છે ને “પહેલા જાત સુધાર, પછી દેશ સુધાર.” આપણે સૌ એ રાષ્ટ્રીય સંપત્તિ નુ ધ્યાન રાખીએ. મારી અંગત વાત કહું તો, બેન્ક માં થી જ્યારે પણ નોટો નુ બંડલ લાવું છું ત્યારે અમે બન્ને જણા એ નોટોનું શોર્ટીંગ કરી, જૂની જૂની નોટો પહેલા બજાર માં આપી દઈએ છીએ. બાકી રહી વાત યુપીઆઇ ની તો, છોકરો-વહુ જ બધો વ્યવહાર કરે છે. હા, શાકભાજી - ફળફળાદી, દુધ-દહિં કે પછી ભૂસુ-ખમણ જેવા જ ખર્ચા માં ચલણ નો ઉપયોગ કરતા હોઈએ છીએ. એક “જાગૃત” નાગરિક તરીકે એટલુ જ કહીશ કે આ વિષમ પર વિચાર બદલીશ. અસ્તુ.

પાલણપોર, સુરત - ચેતન સુશીલ જોષી

## સતર્ક બનો સુરક્ષિત રહો

આજકાલ સોસાયટીમાં ભંગાર વાળા , શાકભાજી વાળા, નાળિયેર પાણી વાળા ,ગેસ ચૂલા રીપેર કરવા વાળા , ચપ્પુ વેચવા, ચપ્પુની ધાર ઘસવાવાળા અન્ય ચીજવસ્તુઓના વેચાણ માટે ટેમ્પાઓ પણ આવતા હોય છે. જે આમ તો ઘરઆંગણે વસ્તુઓની સર્વિસ મળે છે એ સુવિધા છે એમ માની જરૂરી વસ્તુઓની ખરીદી કરી આ સર્વિસ નો લાભ સોસાયટીજનો લેતા હોય છે. પણ આ બધામાં ખાસ ધ્યાન દોરવા જેવી બાબત એ કે બપોરના સમયે જે લોકો વેચાણ કરવા આવે છે તેમના થી ખાસ એલર્ટ કે સજાગ રહેવાની જરૂર છે. ઘણા બધા ચપ્પુઓ ને સાથે લઈને આવતો માણસ કેટલો વિશ્વસનીય કે નિર્દોષ છે એ ચકાસી શકાતું નથી. ચપ્પુ કે કાતર ની ધાર કાઢવા આવતો માણસ તેનું મશીન સાથે લઈને આવતો હોય છે એ એટલું જોખમકારક નથી જેટલું ઘણા બધા ચપ્પુ લઈને વેચવા આવતો માણસ. બને ત્યાં સુધી આવી સર્વિસ ઘર બેઠા લેવી નહીં અને સોસાયટીમાં પણ આવતા માણસો ની વિશ્વસનીયતા ચકાસી જ પ્રવેશ આપવો જોઈએ. દરેક આવનાર વ્યક્તિ શંકાસ્પદ નથી હોતા. પરંતુ શંકા ઉપજાવે એવી બાબતોમાં થોડા સજાગ રહી સ્વ સલામતી કેટલી છે એનું ધ્યાન રાખીને પછી જ કોઈ પણ કાર્ય માટે વિચારી આગળ વધીએ તો જોખમ ઓછું રહે.સતર્ક બનો સુરક્ષિત રહો

સુરત - સીમા પરીખ

## પોતીકી જાત ઊપર સંશોધન!

પીએચડી ગધેડે ગવાય છે!ખેર,”કોઈ બીજાના વ્યક્તિત્વ પર ‘PHD’ (પીએચડી) કરતા, પોતાની જિંદગી પર ‘RESEARCH’ (રીસર્ચ )કરીએ તો પરિણામ ધાર્યા કરતાં વધુ સારું આવે”!બીજાના વ્યક્તિત્વનો અભ્યાસ કરવાને બદલે પોતાના જીવનમાં સુધારો કરવા માટે પ્રયાસ કરવો જોઈએ, તેથી વધુ સારા પરિણામ મળે! ઘણી વખત બીજાના વ્યક્તિત્વનો અભ્યાસ કરવામાં સમય વિતાવીએ, કિન્તુ પોતાના જીવનમાં સુધારો કરવા માટે કેટલો સમય આપીએ છીએ?! પોતીકા જીવનમાં સુધારો કરવા માટે પ્રયાસ કરવાથી વધુ સારા પરિણામ મળે અને જીવન વધુ સારું બને!એ વાસ્તે પણ બીજાની ભૂલો ઊપર જડજ બનનારા, પોતીકી ભૂલો પર કહેવાતા વિદ્વાન વકીલ થઇ જાય છે! સબબ, અન્ય બીજાની ભૂલો શોધીને કથિત ઈન્સાફી કાઝી થનારા વાંકદેખા મુન્સફ પોતાની ભૂલો ઊપર બીજાની ભૂલો જોઈ ટીકા કરનારા જડજ પોતાની ભૂલો વિશેની વાત છેડાય ત્યારે છુપાવવાનો પ્રયાસ કરી, બહાનાં બતાવે!એ માનવીયવૃત્તિ અને એક જન્મદત્ત સ્વભાવ છે, આમ, બીજાની ભૂલો પર જજ બનનારા પોતાની ભૂલો ઊપર કથિત વકીલ બની જાય છે!

સુરત - સુનીલ બર્મન